એકમ 1

# જાહેર અર્થશાસ્ત્ર - અર્થ, સ્વરૂપ અને કાર્યક્ષેત્ર

-: રૂપરેખા :-

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 જાહેર અર્થવિધાનનો અર્થ

1.3 જાહેર અર્થવિધાનનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર

1.4 જાહેર અને ખાનગી અર્થવિધાન વચ્ચે તફાવત

1.5 સારાંશ

1.6 ચાવીરૂપ શબ્દો

1.7 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

## 1.0 ઉદ્દેશો :

પ્રસ્તુત એકમનો અભ્યાસ નીચેના ઉદ્દેશોને ધ્યાનમાં લઈને કરવામાં આવે છે.

(1) જાહેર અર્થવિધાનનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર તપાસવું.

(2) જાહેર અને ખાનગી જમાખર્ચ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરવો.

## 1.1 પ્રસ્તાવના :

18મી અને 19મી સદી દરમિયાન સરકારની કામગીરીનું કાર્યક્ષેત્ર ખૂબ જ મર્યાદિત હતું. તેની પાછળનું કારણ એ હતું કે સરકારની કામગીરી માત્ર કાયદો, વ્યવસ્થા અને ન્યાયતંત્ર પૂરતી જ હતી. પ્રજાલક્ષી કલ્યાણની પ્રવૃત્તિઓમાં રાજ્યનો કોઈ જ હસ્તક્ષેપ જોવા મળતો નહીં. આ સંદર્ભમાં વિચારીએ તો લોકોના કલ્યાણને અનુલક્ષીને રાજ્યોએ કોઈ પણ કાર્યો કરવાનાં રહેતાં નહીં. સમગ્ર વિશ્વના દૃષ્ટિકોણથી જોઈએ તો કેટલીયે એવી પ્રવૃત્તિઓ છે કે જેમાં પ્રત્યક્ષ રીતે કોઈ આર્થિક લાભ નથી પરંતુ પ્રજાના કલ્યાણમાં તેનાથી વધારો થતો હોય છે. આ સંજોગોમાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના સ્વૈરવિહારી અભિગમથી તદ્દન વિરુદ્ધ આર્થિક પ્રવૃત્તિમાં સરકારના હસ્તક્ષેપની આવશ્યકતા ઊભી થઈ. 20મી સદીની શરૂઆતમાં વિશ્વરાજકારણમાં આવેલાં અનેક પરિવર્તનો અને 1929ની વૈશ્વિક મહામંદીમાંથી અર્થતંત્રને બહાર કાઢવાના કેઈન્સના સૂચન સાથે સરકારની કામગીરીમાં પણ બદલાવ આવ્યો અને રાજ્ય કહેતા સરકારની કામગીરીમાં પણ બદલાવ આવ્યો, રાજ્ય કહેતા સરકારની પ્રવૃત્તિઓ અને તેના વ્યાપ વિસ્તારમાં વધારો થવા પામ્યો. સરકારની આર્થિક પ્રવૃત્તિમાં ફેરફાર થતાં બધા રાજ્યો હવે અનેકવિધ આર્થિક પ્રવૃત્તિ હાથ ધરવા લાગ્યાં અને લોકોના કલ્યાણમાં વધારો કરવા જાહેર અર્થવિધાનનું સ્વરૂપ પણ બદલાયું. 20મી સદીમાં સમાજવાદી વિચારધારાનો પ્રચાર-પ્રસાર થતાં સરકારોએ

પોતાની કામગીરી સારી રીતે બજાવવા વ્યક્તિના જીવનને સ્પર્શતી બધી જ આર્થિક પ્રવૃત્તિઓમાં દરમિયાનગીરી શરૂ કરી, જેના પરિણામ સ્વરૂપે જાહેર અર્થવિધાનનું મહત્ત્વ વધ્યું. આ સમગ્ર બાબતને સમજવા માટે વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં લઈને આપણે હવે તેનો વિગતે અભ્યાસ કરીશું.

## 1.2 જાહેર અર્થવિધાનનો અર્થ :

જાહેર અર્થવિધાનનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર સમજવા માટે સૌ પ્રથમ તેના અર્થને તપાસીએ. જુદા જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા જાહેર અર્થવિધાનની આપવામાં આવેલી વિવિધ વ્યાખ્યાઓ-અર્થ-નીચે મુજબ છે.

(1) પ્રો. ડાલ્ટન :- "જાહેર જમાખર્ચ જાહેર સંસ્થાઓની આવક અને ખર્ચ સાથે તથા તે એકબીજાનો મેળ કેવી રીતે બેસાડે છે તે સાથે સંબંધ ધરાવે છે."

પ્રો. ડાલ્ટનની આ વ્યાખ્યા વિસ્તૃત અર્થવાળી હોવા છતાં તેમાં જાહેર સંસ્થાઓ અંગે કોઈ સ્પષ્ટીકરણ નહીં કરવામાં આવેલ હોવાથી તેની મર્યાદા છે.

(2) પ્રો. બેસ્ટેબલ :- "જાહેર સત્તાની આવક અને ખર્ચનો પારસ્પરિક સંબંધ તથા નાણાકીય, વહીવટી અને નિયંત્રણ તપાસે તે જાહેર જમાખર્ચ કહેવાય."

(3) હેરોલ્ડ ગ્રુઝ :- "જાહેર જમાખર્ચ સમવાયી રાજ્ય અને સ્થાનિક સરકારોની આવક અને ખર્ચની તપાસ કરે છે."

(4) શ્રીમતી ઉર્સુલા હિક્સ :- "સરકારની સત્તાધારી સંસ્થાઓ સામુદાયિક જરૂરિયાતોની જોગવાઈઓ કેવી રીતે કરે છે અને તે માટે નાણાં કેવી રીતે પ્રાપ્ત કરે છે તેની પદ્ધતિઓનું મૂલ્યાંકન જાહેર જમાખર્ચ કરે છે."

જાહેર જમાખર્ચની ઉપરોક્ત જુદી જુદી વ્યાખ્યાઓ આધુનિક યુગમાં જાહેર ખર્ચમાં જે વિવિધ બાબતોનો સમાવેશ થાય છે તેનો નિર્દેશ કરે છે.

## 1.3 જાહેર અર્થવિધાનનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર :

પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર 20મી સદીમાં સરકારની પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તાર થતાં જાહેર અર્થવિધાનના સ્વરૂપમાં ઘણો ફેરફાર થયો છે અને તે વિશાળ બન્યું છે અને આજે 21મી સદીમાં તો સરકારની આર્થિક પ્રવૃત્તિમાં અનેકગણો વધારો થઈ રહ્યો છે. સરકાર જે આર્થિક પ્રવૃત્તિ હાથ ધરે છે તેમાં કેટલાંક વિશિષ્ટ કાર્યો પણ હોય છે, જેને બે વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

(i) પ્રાથમિક જવાબદારીનાં કાર્યો, જેમાં દેશનું સંરક્ષણ, શાંતિ અને સલામતી જેવાં કાર્યોનો સમાવેશ કરવામાં આવે છે.

(ii) મરજિયાત અને સ્વૈચ્છિકપણે કરવામાં આવતાં કાર્યો, જેમાં, શિક્ષણની જોગવાઈ, હોસ્પિટલોનું બાંધકામ વગેરેનો સમાવેશ થાય છે.

આ બધાં કાર્યોને પહોંચી વળવા માટે સરકાર સક્ષમ અને કાર્યક્ષમ હોવી જોઈએ તથા સરકાર પાસે પૂરતાં નાણાકીય સાધનો હોવાં પણ જરૂરી છે. આમ, જાહેર અર્થવિધાન એ એવું અર્થવિધાન છે કે જે સરકારના આવક અને ખર્ચ સાથે ઘનિષ્ઠ સંબંધ ખરાવે છે. ફીંડલે શિરાઝ તો એવું કહે છે કે, "Public finance is the study of the principles underlying the spending and raising of funds by public authorities."

ભારત જેવા વિકાસમાન રાષ્ટ્રમાં સરકારનો મૂળભૂત હેતુ તો આર્થિક વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો હોય છે. આ સમગ્ર પ્રક્રિયાનો આધાર દેશના મૂડીસર્જનના દર ઉપર છે અને તે દરમાં વધારો કરવાનું કામ રાષ્ટ્રીય અર્થવિધાન થકી થાય છે.

કાર્યક્ષેત્રના દૃષ્ટિકોણથી તપાસીએ તો જાહેર જમાખર્ચનું કાર્યક્ષેત્ર ખૂબ જ વિશાળ છે. જેને કારણે તેમાં એક કરતાં વધારે વિભાગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેને આપણે નીચે પ્રમાણે વિભાજિત કરી શકીએ.

(i) જાહેર આવક :- જાહેર આવક એ એવો વિભાગ છે, જેમાં સરકાર દ્વારા લોકો પાસેથી જે કરવેરા વસૂલ કરવામાં આવે છે, તેની જુદી જુદી રીતો અને તે સાથે સંકળાયેલા કરવેરાના વિવિધ સિદ્ધાંતો ઉપરાંત, તેની અસરોનો અભ્યાસ કરવામાં આવે છે. આ ઉપરાંત, સરકાર દ્વારા પ્રાપ્ત કરવામાં આવતી અન્ય આવકોનો પણ સમાવેશ કરવામાં આવે છે. જેમકે, જાહેર દેવું, ખાધ પુરવણી, રાજ્યસંચાલિત ઉદ્યોગોમાંથી પ્રાપ્ત થતી આવક, રાજ્યની માલિકીની સંપત્તિમાંથી પ્રાપ્ત થતી આવક, વગેરે. ઉપરાંત, રાજ્યની આવકનાં કેટલાંક અન્ય સાધનો જેવાં કે, કિંમત અને ફી, વિશેષ કર આકારણી, દંડ અને દાનનો પણ સમાવેશ કરવામાં આવે છે.

(ii) જાહેર ખર્ચ :- જાહેર જમા ખર્ચનો આ વિભાગ એવો છે, જેમાં જાહેર ખર્ચનો અર્થ, મહત્ત્વ, તેનું સ્વરૂપ, તે વધવા માટેનાં કારણો, તેના વિવિધ પ્રકારો, જાહેર ખર્ચના વિવિધ સિદ્ધાંતો અને તેની અર્થતંત્ર ઉપર પડતી વિવિધ અસરોનો સમાવેશ કરવામાં આવે છે.

(iii) જાહેર ઋણ :- જાહેર ઋણના અભ્યાસમાં સરકાર તરફથી કરવામાં આવતું દેવું, તેનાં વિવિધ કારણો અને પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવે છે. આ ઉપરાંત, આંતરિક અને બાહ્ય દેવાની અર્થતંત્ર પર કેવા પ્રકારની અસરો પડે છે, તેનો અભ્યાસ પણ આ વિભાગમાં કરવામાં આવે છે.

(iv) નાણાકીય વહીવટ :- જાહેર જમાખર્ચનો આ વિભાગ એવો છે, જેમાં સરકારે પોતાનું અંદાજપત્ર કઈ રીતે તૈયાર કરવું અને હિસાબોની ચકાસણીની વ્યવસ્થા કેવી રીતે કરવી તેના સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવે છે.

(v) રાજકોષીય નીતિ :- આ વિભાગમાં અર્થતંત્રમાં આર્થિક સ્થિરતા જાળવવા તથા આર્થિક વિકાસનો યોગ્ય દર જાળવી રાખવા માટે સરકાર રાજકોષીય નીતિનો કેવી રીતે ઉપયોગ કરે છે અને તે માટે ક્યા સિદ્ધાંતોનો આધાર લેવામાં આવે છે, તેનો અભ્યાસ કરવામાં આવે છે.

(vi) સમવાય નાણાતંત્ર :- આવકની વહેંચણીના એક ભાગ રૂપે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે આવકનાં વિવિધ સાધનોની ફાળવણી કરી આપવામાં આવેલી છે. જે અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેના નાણાકીય સંબંધોની જાળવણી અંગેના વિવિધ સિદ્ધાંતોની સમજૂતી આપવામાં આવે છે.

જાહેર જમાખર્ચના અહીં દર્શાવેલા બધા જ વિભાગોને અભ્યાસની સરળતાને અનુલક્ષીને અલગ પાડવામાં આવે છે. હકીકતમાં આ બધા જ વિભાગો પરસ્પરાવલંબી હોવાથી જાહેર જમાખર્ચની નીતિના એક ભાગ રૂપે જ વિચારવામાં આવે છે.

## 1.4 જાહેર અને ખાનગી અર્થવિધાન વચ્ચેનો તફાવત :

જાહેર જમાખર્ચના સ્વરૂપ અને કાર્યક્ષેત્રને વિસ્તૃત રીતે સમજવા માટે જાહેર જમાખર્ચ અને ખાનગી જમાખર્ચ વચ્ચે સરખામણી કરવામાં આવે છે. સમાજની અંદર રહેતી જુદી જુદી વ્યક્તિઓ પોતાની આવક અને ખર્ચનો મેળ એવી રીતે બેસાડવાનો પ્રયત્ન કરે છે કે જેને કારણે આ બધી જ વ્યક્તિઓ પોતાની મર્યાદિત આવક વડે મહત્તમ સંતોષ પ્રાપ્ત કરી શકે. તેવી જ રીતે સરકાર પણ પોતાનાં મર્યાદિત સાધનોનો એવી રીતે ઉપયોગ કરે છે કે જેને કારણે સમાજનું મહત્તમ કલ્યાણ પ્રાપ્ત કરી શકાય. પરંતુ અહીં નોંધપાત્ર વાત એ છે કે સરકારની અને સમાજમાં રહેલી વ્યક્તિઓની આવક પ્રાપ્ત કરવાની અને ખર્ચ કરવાની રીતો જુદી છે. આથી આ બંને વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે.

(1) આવક અને ખર્ચનો મેળ બેસાડવાના દૃષ્ટિકોણ સંબંધી તફાવત :

વ્યક્તિ પોતાની આવકને અનુરૂપ પોતાના ખર્ચનું આયોજન કરે છે. આવક કરતાં વધારે પ્રમાણમાં ખર્ચ કરવાનું તેને પરવડતું નથી. આમ થવાનું કારણ એ છે કે વ્યક્તિ પોતાની આવકમાં ધારે ત્યારે અને ઈચ્છે એટલો વધારો કરી શકતી નથી. પરિણામે તે પ્રથમ પોતાની આવકનો અંદાજ કાઢીને તેને અનુરૂપ પોતાના ખર્ચની ગોઠવણ કરે છે. જ્યારે સરકારની વાત કરીએ તો તે સૌ પ્રથમ પોતાના ખર્ચના અંદાજોની યાદી તૈયાર કરે છે અને ત્યાર પછી તે પ્રમાણેની આવક મેળવવાના પ્રયત્નો કરે છે. આમ થવાનું કારણ એ છે કે સરકાર પોતાની જરૂરિયાત પ્રમાણે આવકમાં વધારો કરી શકે એમ હોવાથી તે ખર્ચના આગવા અંદાજો પહેલા ગોઠવે છે અને પછી ખર્ચ કરે છે. જો કે, સરકાર પોતાની આવકમાં અમર્યાદિત પ્રમાણમાં વધારો કરી શકતી નથી.

(2) સાધનોના સ્વરૂપ સંબંધી તફાવત :

સમાજમાં રહેલી દરેક વ્યક્તિની આવકનાં સાધનો મર્યાદિત હોય છે. આ તેની સામે સરકાર ધારે તો બળ વડે પણ સમગ્ર સમાજનાં સાધનો પોતાના હસ્તક લઈ શકે છે. કરપાત્ર વ્યક્તિ કર ભરવાની ના પાડી શકતી નથી. જેને કારણે સરકારની કર અંગેની આવક નિશ્ચિત હોય છે. કુદરતી પ્રતિકૂળતા, દુષ્કાળ, ધરતીકંપ જેવા ખાસ સંજોગોમાં જ સરકારની કરની આવકમાં ઘટાડો થાય છે. આ ઉપરાંત, સરકાર લોકો પાસેથી જાહેર દેવું કરીને પણ વધારાનાં આવકનાં સાધનો ઊભાં કરી શકે છે, તદુપરાંત, જરૂર પડ્યે વિદેશી દેવાનો આશ્રય પણ લઈ શકે છે. જેની સામે કોઈ વ્યક્તિ આવું કરી શકતી નથી. કેટલીકવાર સરકાર દ્વારા ખાધપુરવણીનો ઉપયોગ કરીને પણ નવાં નાણાંનું સર્જન કરવામાં આવે છે.

(3) આવક તથા ખર્ચના અલગ અલગ હેતુઓ :

વ્યક્તિ અને સરકારના આવકપ્રાપ્તિ અને ખર્ચ સંબંધી ભિન્ન ભિન્ન ઉદ્દેશો હોય છે. સરકાર જ્યારે પોતાની આવક અને ખર્ચની ગોઠવણી કરે છે ત્યારે તેની સમક્ષ સમાજકલ્યાણનો હેતુ હોય છે. જેની સામે વ્યક્તિ પોતાની આવકપ્રાપ્તિ અને ખર્ચની ગોઠવણી માત્ર ને માત્ર પોતાના હિતને ધ્યાનમાં લઈને કરે છે. વ્યક્તિ પોતે પોતાની આવકમાંથી એવી રીતે ખર્ચનું આયોજન કરે છે કે જેને કારણે તેને હાથ ધરેલી આર્થિક પ્રવૃત્તિમાંથી તેને મહત્તમ લાભની પ્રાપ્તિ થાય. સામા પક્ષે, સરકારનો હેતુ મહત્તમ લાભ કે નફો પ્રાપ્ત કરવાનો નથી હોતો, પણ સમાજનું કલ્યાણ મહત્તમ કેવી રીતે થાય તે જ હોય છે.

(4) અંદાજપત્રની પદ્ધતિમાં તફાવત :

સામાન્ય રીતે જોઈએ તો વ્યક્તિ પોતાના બજેટને હંમેશાં સમતોલ રાખવાનો પ્રયત્ન કરે છે. આથી વિરુદ્ધ, સરકારનું બજેટ હંમેશાં અસમતોલ જ હોય છે. વ્યક્તિગત અંદાજપત્ર ટૂંકા સમયગાળા માટેનું હોય છે. જેની સામે સરકારનું અંદાજપત્ર સામાન્ય રીતે એક વર્ષ માટેનું હોય છે. વ્યક્તિનો પ્રયત્ન હંમેશાં એવો હશે કે થોડી બચતો થાય, જેની સામે સરકારનું બજેટ ખાધયુક્ત જ હોવાનું. બંનેના અંદાજપત્રના તફાવતનો નિષ્કર્ષ એ છે કે સરકાર પોતાની પ્રવર્તમાન આર્થિક સ્થિતિને ધ્યાનમાં લઈને તેને અનુરૂપ પોતાના આવક ખર્ચના અંદાજો ગોઠવે છે.

(5) નાણાકીય વ્યવહારમાં ગુપ્તતા :

સામાન્ય રીતે જોઈએ તો વ્યક્તિ પોતાના બધા જ નાણાકીય વ્યવહારોને ખાનગી રાખવાનો પ્રયત્ન કરે છે, જેની સામે સરકાર પોતાના નાણાકીય વ્યવહારોને જાહેર જનતા સમક્ષ ખુલ્લા કરે છે. લોકશાહી રાષ્ટ્રોમાં સંસદમાં કે સંસદની બહાર સરકારની બજેટ નીતિની લોકો દ્વારા કડક ટીકા પણ કરવામાં આવતી હોય છે. આ ઉપરાંત, સરકારી હિસાબોનું વ્યવસ્થિત ઓડિટ પણ કરવામાં આવે છે. સામા પક્ષે, વ્યક્તિ પોતાના હિસાબોની ગેરકાયદેસર નોંધ રાખી છેતરપિંડી પણ કરી શકે છે.

(6) ખર્ચની રીત અને ઈરાદા સંબંધી તફાવત :

ખાનગી વ્યક્તિ જ્યારે કોઈપણ પ્રકારનું ખર્ચ કરે છે ત્યારે તેની ઉપર સામાજિક સ્થિતિ, રીતરિવાજો, રૂઢિ, પ્રતિષ્ઠા જેવાં વિવિધ પરિબળોની અસર પડતી હોય છે, પરંતુ સરકાર પોતાના ખર્ચ કરતી વખતે હંમેશાં કેટલાક સિદ્ધાંતોનું પાલન કરે છે. સરકારી ખર્ચ કરતી વખતે કેટલાક ચોક્કસ ઈરાદાઓ નક્કી કરવામાં આવે છે અને તેને ધ્યાનમાં લઈને જ ખર્ચ કરવામાં આવતું હોય છે.

(7) ભવિષ્ય અંગેની જોગવાઈ :

ખાનગી અને જાહેર જમાખર્ચ વચ્ચેનો આ એક મહત્ત્વનો તફાવત છે. વ્યક્તિ પોતે ભવિષ્ય કરતાં વર્તમાન જરૂરિયાતને વિશેષ મહત્ત્વ આપતો હોય છે, પરંતુ સરકાર પોતે આવી રીતે ખર્ચ કરે છે કે જેનો લાભ ભવિષ્યમાં લોકોને વધુમાં વધુ મળે. એમ કહી શકાય કે સરકાર એ ભવિષ્યની પેઢીની રખેવાળ હોવાને કારણે લોકોના લાંબા ગાળાનાં હિતોને ધ્યાનમાં રાખીને યોજનાકીય ખર્ચ કરે છે. જ્યારે વ્યક્તિ વર્તમાનને જ લક્ષમાં રાખીને પોતાની મિલ્કત અને સંપત્તિનો ઉપયોગ કરે છે. આમ થવાનું કારણ એ છે સરકાર પોતાનાં મર્યાદિત સાધનોને વેડફી નાખવાં નથી માંગતી. આથી, શિક્ષણ, આરોગ્ય, નહેરોનું બાંધકામ વગેરે પાછળનો ખર્ચ ભવિષ્યની પ્રજાને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા કરવામાં આવતો હોય છે.

(8) ખર્ચ અને કલ્યાણ વચ્ચેના સંબંધ અંગે તફાવત :

દરેક વ્યક્તિ તેણે પ્રાપ્ત કરેલી મર્યાદિત આવકમાંથી જુદી જુદી વસ્તુઓ પાછળ એવી રીતે ખર્ચ કરે છે કે જેથી તેણે તેમાંથી મળતો સંતોષ મહત્તમ થાય. ખર્ચ કરવાથી થતાં અસંતોષ બરાબર તે વસ્તુમાંથી પ્રાપ્ત થતાં સીમાવર્તી તુષ્ટિગુણનું માપ સરખું થવું જોઈએ. સરકાર પણ પોતાના ખર્ચ અને આવકની ગોઠવણી એવી રીતે કરે છે કે જેથી કરેલા ખર્ચ બરાબર

પ્રાપ્ત થતો સામાજિક સંતોષ એ બંને સરખા થઈ રહે. બંને વચ્ચેના ખર્ચનો તફાવત એ છે કે વ્યક્તિ પોતાના કલ્યાણને ધ્યાનમાં રાખે છે, સામા પક્ષે સરકાર સમગ્ર સમાજના હિતને ધ્યાનમાં રાખે છે.

(9) આયોજનના કદ સંબંધી તફાવત :

સરકાર અને વ્યક્તિના આયોજનમાં મોટો તફાવત રહેલો છે. સરકારનું આયોજન લાંબાગાળાનું અને વિસ્તૃત હોય છે. દા.ત., ભારતની પંચવર્ષીય યોજનાઓની વિરુદ્ધ વ્યક્તિગત આયોજન મર્યાદિત સાધનોને કારણે ટૂંકાગાળાનું અને મર્યાદિત સ્વરૂપનું હોય છે. સરકાર એક કાયમી સંસ્થા હોવાને લીધે પોતાનું આયોજન વિસ્તૃત રીતે કરી શકે છે.

ઉપરોક્ત મુદ્દાઓ દ્વારા જાણી શકાય કે જાહેર અને ખાનગી જમાખર્ચ વચ્ચે ઘણો બધો તફાવત છે. તેમ છતાં બંને વચ્ચે કેટલુંક સામ્ય પણ જોવા મળે છે. એક દૃષ્ટિએ વિચારીએ તો ખાનગી જમાખર્ચના હેતુઓ પણ માનવજરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટેના જ છે. સરકારના ઉદ્દેશો સામુદાયિક જરૂરિયાતોને ખ્યાલમાં રાખે છે. આમ, બંનેનું અંતિમ ધ્યેય તો એક જ છે. આ દૃષ્ટિએ વિચારીએ તો જાહેર જમાખર્ચ એ ખાનગી જમાખર્ચનું જ એક વિસ્તૃત સ્વરૂપ ગણી શકાય. વાસ્તવિક રીતે તો આ બંને વચ્ચેનો તફાવત એક જ અવસ્થાના બે અંતર્ગત ભાગો જ છે કે જેના દ્વારા સમગ્ર અર્થતંત્ર ક્રિયાશીલ બને છે.

## 1.5 સારાંશ :

પ્રસ્તુત એકમમાં આપણે ખાનગી અને જાહેર જમાખર્ચ એટલે શું, તેમનું કાર્યક્ષેત્ર, સ્વરૂપ, બંને વચ્ચેનો તફાવત જોવાનો પ્રયત્ન કર્યો. આ સમગ્ર મુદ્દાઓ ઉપરથી એવું પુરવાર થાય છે કે જાહેર અર્થવિધાનનો ખ્યાલ આધુનિક યુગમાં અતિ મહત્ત્વનો બની ગયો છે. જેને કારણે તેનો વ્યાપ સતત વધી રહ્યો છે. આ જાહેર અર્થવિધાનનાં મુખ્ય બે પાસાંઓ ગણાવી શકાય, એક સરકારની આવકો અને બીજું તેના ખર્ચાઓ. જો કોઈપણ દેશની સરકાર પોતાની પ્રજાનું વધુમાં વધુ કલ્યાણ કરવા ઈચ્છતી હોય તો તેણે આવક મેળવવાની બાબતમાં અને ખર્ચ કરવાની બાબતમાં ખૂબ જ સાવધાની રાખવી પડે છે. સરકારે પોતાની આવક અને ખર્ચનાં પાસાંઓને એવી રીતે ગોઠવવાં જોઈએ કે જેથી કરીને એક રૂપિયાની વસૂલાત કરવાથી લોકોમાં જેટલો અસંતોષ પેદા થાય તેટલો જ સંતોષ તે રૂપિયાનું ખર્ચ કરવાથી લોકોને મળતા લાભમાંથી પેદા થવો જોઈએ. જે દેશની સરકાર આ બાબતને ધ્યાનમાં રાખીને જાહેર ખર્ચ કરે છે તે ઉત્તમ સરકાર કહી શકાય.

## 1.6 ચાવીરૂપ શબ્દો :

(1) જાહેર સત્તા :- બંધારણ દ્વારા સ્થાપવામાં આવેલ સ્વ-રાજ્યનું કોઈપણ સત્તાતંત્ર.

(2) જાહેર આવક :- સરકાર દ્વારા ઉઘરાવવામાં આવતી રકમ. જેમાં કરવેરા, ફી, દંડ અને જાહેર સાહસોના એકમોનો નફો પણ સમાવિષ્ટ થઈ શકે છે.

(3) જાહેર ખર્ચ :- સરકારના કોઈપણ વિભાગ દ્વારા કરવામાં આવતો ખર્ચ.

(4) જાહેર દેવું :- સરકાર દ્વારા કરવામાં આવતું દેવું. જેમાં આંતરિક અને બાહ્ય બંને પ્રકારના દેવાનો સમાવેશ કરવામાં આવે છે. આંતરિક દેવું સરકાર દેશના લોકો, બેંકો, નાણાં સંસ્થાઓ અને રિઝર્વ બેંક પાસેથી લે છે. બાહ્ય દેવું એટલે દેશની બહારથી સરકાર વિશ્વ બેન્ક, આઈએમએફ, ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક વગેરે જેવી સંસ્થાઓ પાસેથી અને વિશ્વની

સરકારો પાસેથી જે દેવું લે છે તે.

(5) રાજકોષીય નીતિ : અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિઓના નિયંત્રણ માટે અને પૂર્વનિર્ધારિત ઉદ્દેશોને હાંસલ કરવા માટે પ્રયોજવામાં આવતી જાહેર આવક અને જાહેર ખર્ચને સ્પર્શતી નીતિ.

(6) સમવાય નાણાતંત્ર :- કેન્દ્ર-રાજ્યો વચ્ચે નાણાકીય સત્તાની સમાન રીતે વહેંચણી.

(7) અંદાજપત્ર :- વાર્ષિક ઊપજખર્ચના અડસટ્ટાનું તારણ, 'બજેટ'. અંદાજપત્રમાં આગામી વર્ષ માટેના આવક-જાવકના અંદાજો હોય છે. તેને અંદાજપત્રીય અંદાજો (Budget Estimates-BE) કહેવામાં આવે છે. પૂરા થઈ રહેલા કે થયેલા વર્ષ દરમિયાનના આવક-જાવકના સુધારેલા અંદાજો (Revised Estimates-RE) આપવામાં આવે છે અને તે અગાઉના વર્ષના ખરેખર (actual) થયેલા આવક-ખર્ચના આંકડા પણ તેમાં આપવામાં આવે છે.

અંદાજપત્ર બે વિભાગમાં વહેંચાયેલું હોય છે : (1) મહેસૂલી (revenue) વિભાગ અને (2) મૂડી (capital) વિભાગ. મહેસૂલ વિભાગમાં એવી આવક દર્શાવવામાં આવે છે, જેની પ્રાપ્તિથી સરકારની નાણાકીય જવાબદારી (ઋણ)માં વધારો થતો નથી. કરવેરાની આવક, જાહેર સાહસોના નફાની આવક, કેટલાક લાગા, ફીની આવક વગેરેનો મહેસૂલી આવકમાં સમાવેશ થાય છે. મહેસૂલી આવકને કરવેરાની આવક અને કરેત્તર આવક એવા બે વિભાગોમાં વહેંચવામાં આવે છે. એ જ રીતે જે ખર્ચથી કોઈ ભૌતિક કે નાણાકીય અસ્કયામતનું સર્જન કે પ્રાપ્તિ ન થાય તેનો સમાવેશ મહેસૂલી ખર્ચમાં કરવામાં આવે છે. દા.ત., સરકારી કર્મચારીઓને ચૂકવવામાં આવતું વેતન, વિવિધ હેતુઓ માટે અપાતી સબસિડી, ભૂતકાળમાં કરવામાં આવેલાં દેવાં પર ચૂકવવામાં આવતું વ્યાજ વગેરે.

(8) જાહેર જમા ખર્ચ :- નાગરિકોના રક્ષણ માટે તથા તેમના આર્થિક અને સામાજિક ઉત્કર્ષ માટે જાહેર સંસ્થાઓ દ્વારા કરવામાં આવતો ખર્ચ તેમજ વિવિધ સ્રોત દ્વારા મેળવવામાં આવતી આવકને સંયુક્ત રીતે જાહેર જમાખર્ચ કહે છે. જમા એટલે જાહેર ક્ષેત્રના ખાતામાં જમા થતી આવક તથા ખર્ચ એટલે જાહેર ખાતામાંથી થતો ખર્ચ. જાહેર સંસ્થાઓમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે. જાહેર ખર્ચ એ જાહેર વિત્તવ્યવસ્થા કે જાહેર અર્થવિધાનનો અંતર્ગત ભાગ છે.

## 1.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :

(1) જાહેર અર્થવિધાનનો અર્થ આપી જાહેર અર્થવિધાનનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર સમજાવો.

(2) જાહેર અર્થવિધાન એટલે શું? જાહેર અને ખાનગી જમાખર્ચ વચ્ચેનો તફાવત વિસ્તૃત રીતે સમજાવો.

(ખ) નીચેના હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો :

(1) 19મી સદીનાં રાજ્યોને કેવાં રાજ્યો તરીકે ઓળખવામાં આવતા હતા?

(અ) પોલીસ રાજ્યો (બ) કલ્યાણ રાજ્યો

(ક) સામાજિક રાજ્યો (ડ) આર્થિક રાજ્યો

(2) જાહેર ખર્ચનો મુખ્ય ઉદ્દેશ શું છે?

(અ) સમાજનું કલ્યાણ (બ) વ્યક્તિનું કલ્યાણ

(ક) પક્ષનું કલ્યાણ (ડ) એકેય નહીં

(3) સામાન્ય રીતે વ્યક્તિ પોતાનું બજેટ કેવું રાખે છે?

(અ) સમતોલ (બ) અસમતોલ

(ક) સ્થિર (ડ) નાનું

(4) વ્યક્તિ પોતાના નાણાકીય વ્યવહારોને કેવા રાખે છે?

(અ) જાહેર (બ) ખાનગી

(ક) બંને (ડ) એકેય નહીં

(5) સરકારી હિસાબોનું શું થાય છે?

(અ) ઓડિટ (બ) તપાસ

(ક) જાહેરાત (ડ) કંઈ નહીં

(6) શિક્ષણ અને આરોગ્ય પાછળનું ખર્ચ કેવા પ્રકારનું ખર્ચ છે?

(અ) જાહેર (બ) ખાનગી

(ક) સંયુક્ત (ડ) એકેય નહીં

(7) વ્યક્તિની આવકનાં સાધનો કેવાં હોય છે?

(અ) અમર્યાદિત (બ) મર્યાદિત

(ક) બંને (ડ) એકેય નહીં

(8) સરકારનું આયોજન કેવું હોય છે ?

(અ) વિસ્તૃત અને દીર્ઘકાલીન

(બ) ટૂંકાગાળાનું

(ક) અલ્પકાલીન

(ડ) એકેય નહીં

⇨ કેટલાક ઉપયોગી પુસ્તકોની યાદી :


(1) Burstein, M.L. (1963) Money (Cambridge, Mass. : Schenkman).

(2) Crowther, G., An outline of Money

(3) Dalton, H. 2013, (2003), Principles of Public Finance, (1st Edi.,) Routledge, London.

(4) Halm, G.N., (1948), Monetary Theory, Literary Licensing, LLC

(5) Lerner, A.P. (1952) 'The Essential Properties of Intertest and Money', Quarterly Journal of Economics, Vol. 66-reprinted in his Essays in Economic Analysis (London: Macmillan, 1953).

(6) Mill, J.S., (1940 reprint). Principles of Political Economy, Ashley (ed.) London: Longmans, Green?

(7) Milton Briggs & Perly Jordan, (1935), Textbook of Economics, University Tutorial Press

(8) Misra, S.K., & Puri, V.K.,(2015), Indian Economy, Himalaya Publishing House.

(9) Moulton, H.G., (5 October 2015), The Financial Organisation of Society, (3rd Ed.). Arkose Press.

(10) Musgrave, R.A. (1959). Theory of Public Finance, Mc Graw-hill

(11) Robertson, D.H. (1948) Money. London : Pitman.

(12) Thomas, (January 1, 1924), Elements of Economics, St. Albans : The Donnington Press' First Edition

(13) Wicksell, K. (1935) Lectures on Political Economy, Vol.2 (Money) (London : George Routledge) - English translation. edited and introduced by Lionel Robbins

⇨ MCQના ઉત્તરો.

(1) અ (2) અ (3) અ (4) બ (5) અ (6) અ

(7) બ (8) અ

*** *** ***